સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ગામનાં ગામ તો ઠીક, શહેરો પણ બંધાઈ જશે!!
'તેજસ' તાપે બીરબલની ખીચડી રંધાઈ જશે!
ને સંધાઈ જશે દેશ, 'ચૂંટણી' માં ટ્રેનોની ઝંડીથી -
ને નિર્દોષ શહીદીથી પવિત્ર સીમા ગંધાઈ જશે!

હાઈકુ

સુરક્ષા ભોગે -
ભરડો લે વિકાસ -
ચૂંટણી લક્ષી!

દેખાશે હવે -
અજગરો - દીપડા
ચૂંટણી લક્ષી....

ચિંતન

અહો વિકલ્પિતં વિશ્વં અજ્ઞાનાત્ મયિ ભાસતે ।
રૂપ્યં શુક્તૌ ફણી રજ્જૌ વારિ સૂર્યકરે યથા ॥

ઉપરોક્ત શ્લોક બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

જેમ છીપમાં ચાંદી, દોરડીમાં સર્પ અને સૂર્યકિરણોમાં મૃગજળ દેખાય છે તેમ અજ્ઞાનથી કલ્પેલું જગત મારામાં જણાય છે. ચાંદની રાતે છીપ એવી ચમકે છે કે દૂરથી એ ચાંદી જ લાગે. અંધારામાં દોરડી સાપ લાગે છે. ને ધોમ તાપમાં સૂર્યકિરણો જ મૃગજળનો એવો આભાસ ઊભો કરે છે કે દૂરથી એમ જ લાગે છે કે ત્યાં પાણી છે. એ જ રીતે આત્માના અજ્ઞાનને લીધે જગત આખું મારામાં છે, મારું જ છે, એવું લાગે છે. ખરેખર તો આત્મા જગતના હોવાનું કારણ છે જ નહિ. જો ખરેખર હોય તો તેમાં, આત્મામાં, ફેરફાર થતો રહે. પણ એવું નથી થતું. જે માત્ર દૃષ્ટિભ્રમ છે, અજ્ઞાન જ છે. તેમજ આત્મા અ પરિવર્તનશીલ છે. છતાં જગત દેખાય છે, તે પણ અજ્ઞાનને લીધે એ આપણા મનનું જ પ્રક્ષેપણ છે. જેમ મિથ્યા સર્પનું ઝેર ચડે નહીં, મિથ્યા જળથી તરસ છીપે નહીં કે મિથ્યાં ચાંદી કંઈ ખપમાં આવે નહીં. તેમ મિથ્યા જગતથી પણ આત્માને કોઈ બંધન થતું નથી.

સુવિચાર

- ભારત દેશ એક મંદિર છે, હમ પુજારી હૈ,
  રાષ્ટ્ર દેવ કી પૂજા મેં હમેં અપને કો સમર્પિત કર દેના ચાહીએ - **અટલબિહારી વાજપેયી**
- મૃત્યુ?? એ તો જીવનની ફરજોમાંથી એક છે - **સેનેકા**
- ડૉ. ભોજન, ડૉ. શાંતિ અને ડૉ. આનંદ દુનિયાના સર્વોત્તમ ડૉકટરો છે - **જોનાથન સ્વિફ્ટ**
- દયાનો પ્રથમ તો સ્વીકાર થવો જોઈએ,
  પછીથી એનું પ્રસારણ થવું જોઈએ - **જયોર્જ મેકડોનાલ્ડ**
- સફળતા કરતા સંતોષ ઉત્તમ છે, કારણ કે સફળતા એ બીજા નક્કી કરે છે, જયારે સંતોષ એ આપણો આત્મા નક્કી કરે છે - **બોધિવૃક્ષ**
- માણસની માણસાઈ ત્યારે જ પૂરી થઈ જાય છે,
  જયારે એને બીજાના દુઃખમાં હસવું આવવા લાગે છે - **એસ.ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : કોકમનું ઘી ગરમ કરીને બે તોલા જેટલું સવાર-સાંજ પીવાથી લોહીવાળો મરડો મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

યુવતીએ એમબીએ પૂરું કરી સ્વતંત્ર વ્યવસાય શરૂ કર્યો. સ્ટાર્ટઅપ નવું સાહસ છ-મહિના સારું ચાલ્યું પણ પછી તેમાં ખોટા આવી અને બીઝનેશ બંધ કરવો પડ્યો. યુવતીને પોતાનું સ્વપ્ન સાકાર ન થતાં ડિપ્રેશન આવ્યું. માતાપિતા-મિત્રો એ તેને ખૂબ સાંત્વન આપ્યું પણ તેની હતાશા દૂર થઈ નહીં. યુવતીના પિતાએ યુવતીના કૉલેજના પ્રિય પ્રોફેસરને આ વાત કરી. પ્રોફેસરે ખૂબ સમજાવવાનો પ્રયત્ન કર્યો કે સફળથામાં પણ કંઈક સંદેશો હોય કંઈક રસ્તો મળશે. યુવતી માનવા તૈયાર ન હતી. આથી પ્રોફેસરે કહ્યું, 'ચાલો આપણે મારા ગાર્ડનમાં જઈએ ત્યાં જતા પહેલાં કયારામાં એક ટામેટાન છોડ હતો જે મરી ગયો હતો. પ્રોફેસરો કહ્યું, 'આ છોડને જુઓ' યુવતીએ કહ્યું, 'આ છોડમાં શું જોઉં?' એ તો ખુદ મારી જેમ મરી ચૂક્યો છે.' પ્રોફેસરે કહ્યું, 'ડિપ્રેશન વાળી વાતો ન કરો. મેં પણ આ છોડને ઉછેરવા માટે મહેનત કરી, ખાતર આપ્યું જાળવવી કરી, દવાઓ આપી તેમ છતાં તે છોડ ઉછરી શક્યો નહીં, જે મારા કંટ્રોલમાં હતું તે બધું જ મેં કર્યું પણ કુદરતને કંઈ મંજૂર ન હતું, જેમ કે તમારું સ્ટાર્ટ અપ શરૂ થયું. મહેનત કરી પણ સફળ ન થયું.' તેમણે યુવતીને ઘરમાં લઈ ચા બનાવી. ચા પીધા પછી યુવતીએ આભાર માન્યો અને ચાલવા લાગી. ત્યારે પ્રોફેસરે કહ્યું, 'જતા પહેલા એક મીનીટ મારી સાથે આવો પ્રોફેસર તેમને ઘરની પાછળનાં સ્ટોરરુપમાં લઈ ગયાં ત્યાં દરવાજો ખોલ્યો, તો લાલા, તાજા, સુંદર એવા ટામેટાના દસ બોક્સ ભરેલા હતા. યુવતી કહ્યું, 'આટલા સરસ ટામેટા?' પેલો છોડતો મરેલો હતો? પ્રોફેસરે કહ્યું, 'આપણે એક જ ક્યારામાં એક જ ટામેટાનો મરેલો છોડ જોઈ પરત ફર્યા હતા. પણ બીજા આગળના ક્યારામાં બીજા ઘણા બધા છોડ હતા જેમાંથી આ ટામેટાં ઉતાર્યા છે. પહેલાં પ્રયત્નની સફળતા કાયમી ન હોઈ શકે.'

'દેશનાયક' નામે બંગાળનું રાજકારણ ગરમાયું

તંત્રીસ્થાનેથી...

ભારતને બંગાળી પ્રજાએ ઐતિહાસિક પ્રદાન કરનારી વિભૂતિઓ આપી વિશ્વકક્ષાએ ગૌરવાન્વિત કર્યું છે. સાંસ્કૃતિક અને કલા સાહિત્ય સંદર્ભે બંગાળ દેશનાં અન્ય રાજયોની સરખામણીમાં શિરમોર ગણાતું રહ્યું છે. ભારતનાં રાષ્ટ્રગાન અને રાષ્ટ્રગીન બંગાળની દેન છે. 'વંદે માતરમ્' બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની અને 'જન ગણ મન...' ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોરની રચનાઓ છે. શ્રી અરવિંદ જેવી આધ્યાત્મિક વિભૂતિ, વિવેકાનંદ અને રામકૃષ્ણ પરમહંસ જેવા ધર્મ દુરંધરો કે રાજા રામમોહન રાય જેવા સામાજિક ક્રાંતિવીરો ઉપરાંત આઝાદીની લડતમાં હસતે મુખે ફાંસીના ફંડે ચડી જનાર તરુણ ખુદીરામ બોઝથી લઈ 'આઝાદ હિંદ સેના' ના સ્થાપક સ્વપ્નદ્રષ્ટા મહાનાયક સુભાષચંદ્ર બોઝ દેશને બંગાળનું પ્રદાન છે. સુભાષ બાબુની ૧૨૫મી જયંતીના પ્રારંભે વડાપ્રદાન નરેન્દ્ર મોદીએ કોલકાત્તા જઈ આ મહાનાયકના સમ્માનમાં કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત કાર્યક્રમોમાં ભાગ લીધો, ટપાલ ટિકિટ અને સિક્કા જારી કર્યા તથા ભવ્યાતિભવ્ય અંજલી આપી. પ. બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી સામાન્ય રીતે કેન્દ્ર સરકારના કાર્યક્રમોથી અંતર બનાવીને રહેતાં હોય છે. પણ સુભાષ બાબુના સન્માનમાં આયોજિત કાર્યક્રમમાં આમંત્રણ હોય અને ન જાય તો એને ભારતીય જનતા પાર્ટી રાજકીય મુદ્દો બનાવી દે, એમ સમજી પોતે પણ ઉજવણી પ્રસંગે મંચ પર વડાપ્રધાન સાથે હાજર રહ્યાં. જો કે મોદીના આગમન પૂર્વે જ એમણે સુભાષબાબુના જન્મસમયને ધ્યાનમાં રાખી હજારો કાર્યકરો સાથે આઠ કિ.મી. લાંબી રેલી યોજીને સુભાષબાબુના નામે ચાલતી રાજકીય હૂંસાતૂંસીનું પહેલું રાઉન્ક અંકે કરી લીધું હતું. મમતા બેનરજી પાસે બંગાળના સપૂત સુભાષચંદ્ર બોઝ વિશે પાયાનું જ્ઞાન હોઈ એમને કેન્દ્ર સરકારના 'પરાક્રમ દિવસ' જેવા અભિધાનને બદલે રાજયકક્ષાએ સુભાષ બાબુના જન્મદિવસને 'દેશનાયક દિવસ' તરીકે જ ઊજવવાનો સ્વતંત્ર નિર્ણય કર્યો. સુભાષ બાબુને 'દેશનાયક'નું બિરુદ ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર દ્વારા અપાયેલું છે. મમતા બેનર્જીએ એ બિરુદનો રાજકીય વિનિયોગ કરી કેન્દ્ર સરકારને મૂંઝવણમાં મૂકી દીધી છે. વળી ભારતીય જનતા પાર્ટી બંગાળમાં ચૂંટણી આવી રહેલ હોઈ વિભૂતિઓના નામની માળા જપતી હોવાનો પણ મમતાનો આક્ષેપ સકારણ છે. આ જ કેન્દ્ર સરકારે સુભાષ બાબુના સૂચનથી શરૂ કરાયેલ 'આયોજન પંચ' નું ઊઠમણું કરી દીધું હતું અને 'નેતાજી પોર્ટ'નું નામ બદલીને 'શ્યામાપ્રસાદ મુખર્જી પોર્ટ' રાખ્યું હતું. મમતા બેનરજી બોલવા ઊભાં થયાં ત્યારે થયાં ત્યારે શ્રોતાવૃંદમાંથી 'જયશ્રી રામ' અને 'મોદી-મોદી' ના નારા શરૂ થયા જેથી નારાજ થઈને મમતાએ સંભળાવી દીધું કે આ કોઈ રાજકીય પાર્ટીનો કાર્યક્રમ નથી; આ સરકારી કાર્યક્રમ છે અને કોઈને નિમંત્રણ આપી અપમાનિત કરવું બરાબર નથી. તેઓએ પોતાનું ભાષણ નહીં આપીને 'જય હિંદ' અને 'જય બાંગ્લા' કહી બેસી જવાનું પસંદ કર્યું. ભારતીય જનતા પાર્ટી પશ્ચિમ બંગાળમાં સત્તા હસ્તગત કરવા આકાશપાતાળ એક કરી રહી છે ત્યારે મમતા બેનરજીનું સરકારી મંચ પરથી થયેલ અપમાન એને ભારે પડી શકે છે. મમતાએ નેતાજીની સ્મૃતિમાં વિશાળ મ્યુઝિયમ બનાવવાની જાહેરાત પણ કરી દીધી છે. બંગાળની વાઘણે એથી પણ આગળ વધીને 'એક દેશ - એક નેતા - એક રાજધાની'ના સિદ્ધાંત વિરુદ્ધ જામગરી ચાંપીન આવડા વિશાળ દેશમાં ચાર દિશાઓમાં ચાર રાજધાનીઓ હોવી જોઈએ, એવી રજૂઆત કરી છે. અંગ્રેજોએ વર્ષો સુધી કલકત્તાથી જ દેશનું સુકાન સંભાળ્યું હતું. રોટેરિંગ રાજધાની વાળી મમતાની થિયરી દક્ષિણ ભારત, પશ્ચિમ ભારત અને પૂર્વ ભારતના લોકોને ગળે ઉતરે એવી છે. દિલ્હીમાં બધા 'બહારના લોકો રાજ કરે છે.' એવા વિધાન સાથે સહમત ન થઈએ તો પણ ચેન્નાઈ, મુંબઈ અને કોલકત્તાને રોટેરિંગ રાજધાનીની તક મળવી જોઈએ એ વાત જરૂર વિચારવા જવી લાગશે!

ખબર લેવી.... કે ખબર પૂછવી...

સહેજ મલકીએ!

અનંત પટેલ

આપણે ઘણી વાર વાતચીત દરમિયાન લોકોને પોતાના સગા સંબંધીઓ કે મિત્રોની બિમારી સંદર્ભમાં ખબર કાઢવા જવાની વાત કરતા સાંભળીએ છીએ. અહીં જે શબ્દ પ્રયોગ થાય છે તે કેટલીક વાર રસપ્રદ લાગે છે. ' ચાલને આજે તો રમણભાઈની ખબર કાઢી આવું જ '

'જો ઝાઝી માથાકૂટ કરીશ નહિ, નહિતર તારી ખબર લઈ નાખીશ.. '

'લાવોને જરા ફોન આપોને, રૂબરૂ તો જવાતું નથી પણ ફોન પર તો પેલા મોહનભાઈની ખબર પૂછી લઉં...'

આમ આપણે ખબર લેવી, ખબર કાઢવી, ખબર પૂછવી અને વધારામાં એક ચોથો શબ્દ પ્રયોગ ખબર રાખવી પણ ઉપયોગમાં લેવાતો જોઈએ છીએ. અહીં 'ખબર' શબ્દ કોમન છે પણ તેની પાછળ જે પૂંછડીયો શબ્દ ઉમેરાય છે તે એનો મૂળ અર્થ બદલી નાખે છતાં બધા લોકો તેને એક જ અર્થમાં વાપરતા હોય તેવું લાગે છે. કોઈના કોઈ કાર્ય બદલ ગુસ્સો ચઢ્યો હોય ત્યારે વડીલો 'સાલાની ખબર લઈ નાખું' એમ બોલતા હોય છે. કોઈ માણસ બિમાર થયા હોય ત્યારે એમને મળીને જે પૂછપરછ કરીએ તેને ખબર કાઢવા જવું એમ કહેવાય. રૂબરૂ જવાને બદલે ફોન ઉપર કે કોઈના મારફતે આવી વિગતો મેળવીએ તો એને ખબર પૂછવી કે પૂછાવવી એમ કહેવાય. જ્યારે ખબર રાખવી એનો કંઈક મોટો અથવા વિશિષ્ઠ અર્થ એવો પણ નીકળે કે કોઈની ભરપૂર કાળજી લેવી. ખબર રાખવાની બાબતમાં તેનું પ્રમાણ જે તેના વ્યક્તિગત સંબંધો પર નિર્ભર કરે છે. માત્ર ખબર શબ્દનો અર્થ કરીએ તો ખબર એટલે વિગતો અથવા તો માહિતી એમ સામાન્યપણે કહી શકાય. પોલીસ ખાતામાં ગુનેગારો કે ગુનાની માહિતી આપતા માણસોને એટલે તો 'ખબરી' કહેવાય છે.

ગામડાંમાં આખા ગામની ખબર રાખનારા અને ખરી કે ખોટી ખબર ઝડપથી ફેલાવનારા અમુક ચોક્કસ માણસો હોય છે જ. આવી રીતે ફેલાતી ખબરોમાં ક્યારેક મૂળ વાત ને બદલે કંઈ ક જૂદી જ વાત છેલ્લે બહાર આવતી હોય છે. જોકે ખબર ફેલાવા વિશે ફરી ક્યારેક વિગતે વાત કરશું પણ આજે તો ખબર લેવી એ વિષય કેન્દ્ર સ્થાને છે.

ઘણી વાર એવું ય બને છે કે ક્યારેક ખબર લેવા નીકળેલાની સામેની વ્યક્તિ જ ખબર લઈ નાખતી હોય છે. કેટલીક વાર કોઈ બિમાર માણસની ખબર જોવામાં એટલુ બધું મોડું પણ થઈ જતું હોય છે કે તમે ખબર કાઢવા ગયા હોવ ત્યારે તો એ ભાઈ કે બહેન એમના નોકરી ધંધે પણ જતા રહ્યા હોય... આવે સમય ખબર પૂછવા જનારનું મોઢું ખરેખર જોયા જેવું થતું હોય છે. અહીં પણ ભોંઠા પડવાને બદલે કેટલાક હોશિયાર માણસો એવું કહે છે કે

'ભલે એમને સારું છે એ તો ઘણી સારી વાત થઈ પણ જૂઓને મારે કેટલા દિવસથી તમારા ઘેર આવવું હતું પણ નીકળાતું જ ન હતું તે આ બહાને ચાલો તમારા ઘેર તો આવી જવાયું ને !...'

મહેમાનના આવા શબ્દો સાંભળીને યજમાન ગૃહિણિ બિચારી કંઈ જ બોલી શકતી નથી કેમ કે મહેમાન એટલે મહેમાન ... એનું અપમાન તો કેમ કરાય ? ખબર રાખવાની બાબતમાં મોટી ઉંમરના માણસોની વાત કરું તો એ એટલા બધા સક્રીય અને સભાન થઈ ગયા હોય છે કે એ જેની ખબર (કાળજી) રાખતા હોય છે એને માટે બોજારૂપ બની ગયા હોય છે. પેલા કે પેલીને જેની જરૂર ન હોય એવું કશું ક ઈદમતૃત્તીયમ શોધી કાઢે અને એને હેરાન હેરાન કરી મૂકતા હોય છે. અને ખબર રાખવામાં કે પૂછવામાં ઘણીવાર એ અતિ કરી દેતા હોય છે...ઉંઘવાના સમયે જાગ્યા કરે અને ખરેખર જાગવાની જરૂર હોય ત્યારે નસકોરાં બોલાવતા હોય...!! આમ ખબર રાખનાર ઘણી વાર અત્યાચારી પણ બની જતા હોય છે.

સુજ્ઞ વાચકો ખબર લેવા, કાઢવા, પૂછવા અને રાખવા બાબતે મેં આપેલી જાણકારીથી પ્રસન્નતા જરૂર અનુભવશે જ એવો મને વિશ્વાસ છે અને તે છતાં જો કોઈને આવી અનુભૂતિ ન થતી હોય તો મને જણાવશો કેમ કે મારે એમની ખબર લેવા..... સોરી પૂછવા જવું જ પડશે.

મો. ૯૮૯૮૪૦૯૦૫૩
- anantpatel135@yahoo.com

દિનદુઃખિયાનાં આસું લો'તાં અંતર કદી ન ધરાજો!

WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

ભૂખ્યાં કાજે ભોજન બનજો, તરસ્યાનું જળ થાજો,
દિનદુઃખિયાનાં આસું લો'તાં અંતર કદી ન ધરાજો!
- કરસનદાસ માણેક

દિલ્હીના સીમાડે ચાલતા ખેડૂત આંદોલને આખા દેશનું ધ્યાન 'ખેડૂત' તરફ દોર્યું છે. આપણો દેશ ખેતીપ્રધાન દેશ હોવા છતાં ધરતીના આ મહેનતી દીકરા ખેડૂતનું મહત્વ ઘણું ઓછું અંકાયું છે. ખેડૂત એ જગતનો તાત અને અન્નદાતા છે એ હકીકત જાણવા છતાં તેની સાથે થતા અન્યાયને આપણે કઈ રીતે ચલાવી લઈએ છીએ એ બાબત સમજાતી જ નથી! છેલ્લા એક-બે મહિનાથી ભારતભરમાં ૨૫૦ કરતા વધારે ખેડૂત સંગઠનો એક સાથે 'ખેડૂત સંઘર્ષ સમિતિ' બનાવી તેના નીચે સરકાર સામે સતત લડી રહ્યા છે. ત્યારે આપણું ધ્યાન આ 'ખેડૂતો' તરફ ગયું! કોઈ એ સાચું જ કહ્યું છે કે,

"એટલે ધરતી બનાવી તેં ખુદા?
માનવી થઈ તું અહીં માગી શકે!
સ્પર્શ શ્રદ્ધાવાન ખેડૂત જાતનો,
સ્વપ્ન કોરી આંખમાં વાવી શકે."

અનાજ અને ખેતીનું મહત્વ સમજાવતી એક વાત ચક્રવર્તી રાજગોપાલાચાર્યએ લખી છે :

એક ગરીબ ખેડૂત ભગવાનની ખૂબ શ્રદ્ધાથી ભક્તિ કરતો હતો. એની નિર્મ, ભક્તિ જોઈ ભગવાન પ્રસન્ન થયા. એક દિવસ તેની આગળ પ્રગટ થઈને ભગવાને કહ્યું, "વત્સ, તને જે ગમે તે વરદાન માગ."

ભગવાનને આમ એકાએક પોતાની સામે ઊભેલા જોઈ ખેડૂત અચંબો પામી ગયો. શું માગવું એ તેને સૂઝયું નહીં. આથી ભગવાન હસીને બોલ્યા, "તું સંકોચ રાખીશ નહીં. તારી જે ઈચ્છા થાય તે માગ. પણ એટલું ધ્યાનમાં રાખજે કે તમે હું જે આપીશ તે તારા પાડોશીઓને પણ માગ્યા વિના મળશે."

ખેડૂતે કહ્યું, "બરાબર છે, બાપજી. પણ શું માગવું એની મને અત્યારે સૂઝ પડતી નથી. ઘરવાળીને પૂછીને તમને કાલે જણાવીશ."

બીજે દિવસે ખેડૂતે ભગવાનનું ધ્યાન ધર્યું, ત્યારે તેમણે પ્રગટ થઈને પૂછ્યું કેમ ભાઈ, શો વિચાર કર્યો ?"

"હે કરુણાસાગર, મારામાં બુદ્ધિ બહુ ઓછી છે. મારી સ્ત્રી સાથે મસલત કરીને એમ નક્કી કર્યું છે કે મારી પેટી રૂપિયાથી ભરાઈ જાય અને તેમાંથી ગમે તેટલા રૂપિયા કાઢું તોયે તે ખાલી ન થાય, એવું વરદાન તમારી પાસે માગવું."

"એ તને જરૂર આપીશ. પણ મારી શરત યાદ છે ને ? જે વસ્તુ તને મળશે એ તારા ગામના બધા લોકોને પણ મળશે."

"દયાનિધિ ! બધું બરાબર યાદ છે. મને જે મળે તે મારા પાડોશીઓને પણ મળે, એ તો વધારે આનંદની વાત છે."

તથાસ્તુ !" કહીને ભગવાન અંતરધ્યાન થયા.

ખેડૂતે ઘેર જઈને પેટી જોઈ તો રૂપિયાથી ખીચોખીચ ભરેલી હતી ! બીજે દિવસે ખીસામાં ખૂબ રૂપિયા ભરીને પોતાની સ્ત્રી માટે સાડીઓ ખરીદવા તે નીકળ્યો. રસ્તામાં એને જેટલા લોકો મળ્યા તે બધાના મોં પર આનંદ આનંદ જ હતો. ખેડૂતને ભગવાનની શરત યાદ આવી. વરદાન કાંઈ તેને એકલાને જ થોડું મળ્યું હતું ? બીજાની ખુશી જોઈને તે પણ ખૂબ રાજી થયો.

એક કાપડિયાની દુકાને જઈને તે કહેવા લાગ્યો, "મને સારી સાડીઓ બતાવજો !" શું આપશો ?" દુકાનદારે પૂછ્યું. તમે કહેશો તેટલા રૂપિયા આપીશ. ચાલો, સાડીઓ બતાવો."

પણ દુકાનદાર તો ખેડૂતના જવાબથી જરાય પ્રભાવિત ન થયો. એ કહે, "મારે રૂપિયાને શું કરવા છે? એ તો હવે બધા પાસે ખૂબ થઈ ગયા છે. રૂપિયાના હવે ક્યાં કિંમત રહી છે ? તમે એ કહો કે સાડીના બદલામાં તમે મને અનાજ " આપી શકશો

"શું કહ્યું? રૂપિયાની કશી કિંમત રહી નથી ? એવું કદી બને ખરું ?" થયું કે દુકાનદાર એની મશ્કરી તો નથી કરતો ને ?

દુકાનદારે એને સમજાવ્યું કે, "ભાઈ, હવે તો સહુની પાસે જોઈએ તેટલા રૂપિયા થઈ ગયા છે. કોઈને તેની જરૂર રહી નથી. રૂપિયાની હવે કિંમત રહી નથી."

ખેડૂત ત્યાંથી બીજી દુકાને ગયો. ત્રીજી દુકાને ગયો; એમ કેટલીય દુકાનો ફરી વળ્યો. પણ બધેથી એક જ જવાબ મળ્યો : "ઘઉં, ચોખા, ચણા, દાળ એવું કશુંક અનાજ લઈને આવો. રૂપિયા અમારે ન જોઈએ."

બિચારો ખેડૂત તો પરેશાન થઈ ગયો. જ્યારે પણ કાંઈક ખરીદવાએ બજારમાં નીકળતો ત્યારે આ જ મુશ્કેલી આવતી. રૂપિયા લેવાની બધા વેપારી ના જ પાડતા.

છેવટે તેણે વળી એક દિવસ ભગવાનનું ધ્યાન ધર્યું અને પ્રાર્થના કરી કે, "તમારું આ વરદાન હવે પાછું લઈ લો !"

Last Seen :

હે પ્રભુ ! આજના દિવસનાં કર્તવ્યોને તારા વદનની પ્રસન્નતાના પ્રકાશથી. અજવાળજે. અમને એવી આસ્થા આપજે કે રોજેરોજના અતિ સામાન્ય કામમાં પણ દિવ્યતારહેલી છે.

- nehalgadhavi101@gmail.com

કમીશ્નર દ્વારા C.C.T.V. માટે નવા નિયમો તથા જાહેરનામાની સમજૂતી

કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ગુજરાતમાં તમામ દુકાનો, શોપિંગ, સોસાયટી તેમજ કોમ્પ્લેક્ષો તથા જાહેર રોડ ઉપર સી.સી.ટી.વી. લગાવવા ફરજીયાત છે. જેના માટેના નિયમો તથા ગાઈડ લાઈન સરકારે નક્કી કરેલ છે. જે મુજબ પાલન નહી કરનારને દંડ કરવામાં આવશે તથા જાહેરનામા ભંગ બદલ કલમ : ૧૮૮ મુજબ ગુનો લાગૂ કરવામાં આવશે.

C.C.T.V. માં તારીખ તથા સમય બરાબર ના બતાવે તો પણ F.I.R. નોંધવામાં આવશે. - C.C.T.V. નું લાઈવ રેકોર્ડીંગમાં તારીખ તથા સમય બરાબર દર્શાવવા જોઈએ. તારીખ તથા સમય બરાબર ના દર્શાવતા કેટલાક ગુનાઓ ઉકેલવામાં સમસ્યા સર્જાય છે. તેમજ કોર્ટમાં પણ પુરાવાની સમસ્યા સર્જાતી હોય છે. જેનો લાભ લઈને ગુનેગારો છૂટી જતા હોય છે. તેથી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. પોલીસ કમિશ્નર મારફત બહાર પાડેલ જાહેરનામાં મહત્વની જોગવાઈ મુજબ તારીખ, સમય અલગ દર્શાવાતા પોલસ તપાસમાં મહત્વનો સમય વ્યર્થ જાય છે. જ્યારે આવા C.C.T.V. ફૂટેજ કોર્ટમાં રજૂ કરવામાં આવે ત્યારે સમયની વિભિન્નતાના કારણે પુરાવાની વિશ્વાસનીયતા ઉપર પ્રશ્ન ઉભો થાય છે. દરેક C.C.T.V. માં માનક સમય ભારતીય સમય અનુસાર ચોક્કસ બતાવવામાં આવે તે જરૂરી છે તથા અંગ્રેજી કેલેન્ડર મુજબની તારીખ સેટ કરવાની રહેશે. તમામ C.C.T.V. કેમેરામાં માલિકો, સંચાલકો અને વ્યવસ્થાપકોએ તેમના હસ્તક તમામ C.C.T.V. કેમેરા ચોક્કસ તારીખ અને સમય સેટ કરવાના રહેશે. જો આ આદેશનું પાલન કરવામાં ચૂક થશે તો હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના દરજ્જાના કોઈપણ અધિકારી જાહેરનામા ભંગ બદલ Cr.P.C. કલમ : ૧૮૮ મુજબ જાહેરનામા ભંગનો ગુનો નોંધી F.I.R. નોંધશે.

ગુજરાતમાં C.C.T.V. કેમેરાની સંખ્યા લાખોમાં થવા જાય છે. લોકોએ પોતાના ઘરમાં, સોસાયટી, કોમ્પ્લેક્ષ, શાળાઓ, દુકાનો, સિનેમાહોલ તથા જાહેર સ્થળોએ C.C.T.V. લગાવવા ફરજીયાત છે. તેજ રીતે કોઈ ઘર કે સંકૂલમાં બનાવ બને ત્યારે અંદર લાગેલા C.C.T.V. નો પણ ગુનો શોધવા માટે ઉપયોગ થતો હોય છે અને તેના આધારે અદાલતમાં પુરાવા મુકવામાં આવે છે, પરંતુ સમય અને તારીખના ફેરફારના કારણે આવા પુરાવા ગુનામાં સાબિત ના થતા આરોપીઓ નિર્દોષ છૂટી જતા હોય છે.

લાખો કેમેરામાં તારીખ સેટ કરવામાં મહિના ઉપરાંતનો સમય વિતિ જશે. આ નિયમ લાખો લોકોને લાગૂ પડશે જેમણે પણ કેમેરા લગાવ્યા છે અને તેનું રેકોર્ડીંગ કે સંચાલન યોગ્ય રીતે ના થતું હોય અથવા કેમેરા બંધ હાલતમાં હોય તેમણે એક માસમાં મરામત કરાવી વ્યવસ્થા કરવાની રહેશે તથા તેનું રેકોર્ડીંગની જાણવણી પણ કરવાની રહેશે. પોલીસ અધિકારી તપાસમાં રહેશે તથા કયા સમયથી કયા સમય સુધી તારીખના છે તે સોસાયટી, કોમ્પ્લેક્ષના ચેરમેન પ્રાઈવેટ હોય તો માલિકોએ લેટરપેડ ઉપર લખીને આપવાના રહેશે. જરૂર જણાય ત્યારે કોર્ટમાં જુબાની આપવા માટે પણ હાજર રહેવું પડશે.

મ્યુનિ. કોર્પોરેશન દ્વારા જાહેર માર્ગ ઉપર ટ્રાફિક જંક્શન ઉપર C.C.T.V. કેમેરા ગોઠવેલ છે. જે મોટા ભાગે બંધ હાલતમાં છે. જેની યોગ્ય જાણવણી મ્યુનિ. એ કરવાની રહેશે. પોલીસ તપાસમાં કેમેરા બંધ હાલતમાં હોય અગરતો તારીખ, સમય યોગ્ય રીતે ભારતીય માનાંક મુજબ દર્શાવતા ના હોય તો સંચાલક વિરૂધ્ધ જાહેરનામાં ભંગની ફરીયાદ દાખલ કરવામાં આવશે તથા દંડ પણ વસૂલ કરવામાં આવશે. સ્ટાન્ડર્ડ તારીખ અને સમયનું માર્ગદર્શન પોલીસ દ્વારા આપવામાં આવશે. જેથી તમામ તપાસે એકસૂત્રતા જણવાય. આ માટે પોલીસ ટીમ દ્વારા ડ્રાઈવ યોજવામાં આવશે. જેનો રીપોર્ટ પોલીસ કમિશ્નરને કરવાનો રહેશે. પ્રજાજનોને દંડવા કરતા પોલીસનો મુખ્ય હેતુ સમય અને તારીખનું સાતત્ય જાણવી રાખી ગુનેગારોને નશ્યત આપવાનો છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in